ગાંધીનગર સમાચાર

**શહેરમાં એક જ દિવસમાં પારો ૬ ડિગ્રી ગગડતા પુનઃ ઠંડીનો ચમકારો**

# સર્વન્ટ ક્વાટર્સમાં રહેતી કૃષ્ણા પરમાર સીએ ફાઈનલમાં ઉત્તિર્ણ

**સરકારી શાળા અને કોલેજમાં અભ્યાસ કરી સર્વોચ્ચ ડિગ્રી પ્રાપ્ત કરી બતાવી : આખા દેશમાં માત્ર ૫.૭૫ ટકા પરિણામમાં સ્થાન પ્રાપ્ત કરી ગાંધીનગરનું ગૌરવ વધાર્યું**



ગાંધીનગર, તા. ૧૯

જ્યારે વ્યક્તિ પોતાના અડગ મનથી જીવનમાં કંઈક પ્રાપ્ત કરવાની ગાંઠ બાંધી લે છે ત્યારે તેને કોઈ પણ પરિસ્થિતિ કે ગમે તેટલી મુશ્કેલીઓ તેનો રાહ રોકી શકતી નથી. એમાં પણ જ્યારે એક દિકરી પોતાના આત્મબળના સહારે સફળતાના શીખરો હાંસલ કરે ત્યારે મા-બાપની આંખમાંથી હર્ષના આંસુ ના સરે તો શું થાય ? ગાંધીનગરના સે. ૮ ખાતે એક બંગલાના સર્વન્ટ ક્વાટર્સમાં રહેતા રાયસંગભાઈ પરમારની દિકરી કૃષ્ણાએ સીએની ફાઈનલમાં રેન્ક પ્રાપ્ત કરી માત્ર પોતાના પરિવારનું જ નહી પરંતુ સમગ્ર ગાંધીનગરનું મસ્તક ગૌરવથી ઉન્મત કર્યું છે. દિકરીઓ ધરાવતા મધ્યમ વર્ગીય પરિવારની સૌથી નાની દિકરી કૃષ્ણા પરમાર સમગ્ર ભારતમાં સીએ ફાઈનલના માત્ર ૫.૭૫ ટકા પરિણામમાં સામેલ થતા પરિવારમાં આનંદનો માહોલ છવાયો છે.

કૃષ્ણા પરમારે પોતાની આ અનેરી સિદ્ધિથી સાબિત કરી બતાવ્યું છે કે સરકારી શાળામાં અભ્યાસ કરીને પણ જો તમારા હૃદયમાં પોતાની જાત પ્રત્યે શ્રદ્ધા હોય અને અથાગ પરિશ્રમ કરવાની તૈયારી હોય તો ગમે તેવા ઉચ્ચ શીખર સર કરી શકો છો. એક ખાનગી કંપનીમાં પ્યુન તરીકે નોકરી કરતા રાયસંગભાઈ અને તેમના પત્નિ પદમાબેનની ત્રણ દિકરીઓમાંથી સૌથી નાની દિકરી કૃષ્ણાએ ૪૪૮ના સ્કોર સાથે આ પ્રતિષ્ઠિત પરીક્ષા પાસ કરી છે. જ્યારે તે દસમા ધોરણની બોર્ડની પરીક્ષામાં ૮૮ ટકા સાથે ઉત્તિર્ણ થઈ હતી ત્યારે નજીકના સગાવ્હાલા અને સ્નેહીજનોએ તેને 'સાયન્સ' લેવા માટે સલાહ આપી હતી પરંતુ કૃષ્ણાએ કોમર્સ પસંદ કરતા સર્વેને અચરજ થયુ હતુ. જો કે પોતાની જાતમાં અડગ વિશ્વાસ ધરાવતી કૃષ્ણાએ મનોમન નક્કી કર્યુ હતુ કે તે કોમર્સ લાઈનમાં સર્વોચ્ચ ડિગ્રી પ્રાપ્ત કરીને જ રહેશે જે આજે તેણે સાકાર કરી બતાવ્યુ છે.

કૃષ્ણા ભણવામાં પહેલેથી જ હોંશિયાર હતી અને ધો. ૧૨ એચએસસી બોર્ડની પરીક્ષામાં પણ તેણે સેન્ટરમાં ત્રીજો રેન્ક પ્રાપ્ત કર્યો હતો. આ પછી તેણે ગાંધીનગરની સરકારી વાણિજ્ય કોલેજમાં અભ્યાસ કરી કોમર્સ ગ્રેજ્યુએશન કર્યુ હતુ. આમ સરકારી સ્કૂલમાં અને સરકારી કોલેજમાં અભ્યાસ કરનારા કોઈ મોટી સફળતા હાંસલ ના કરી શકે તેવી ભ્રામક માન્યતા તેણે તોડી બતાવી છે. એટલુ જ નહી પરંતુ સર્વન્ટ ક્વાટર્સમાં રહેતી હોવા છતાં અને પરિવારની આર્થિક સંકડામણ હોવા છતાં માત્ર આત્મબળના સહારે આ સફળતા મેળવી અનેક માટે પ્રેરણારૂપ દષ્ટાંત પુરૂ પાડ્યું છે. જ્યાં અનેક સુખ-સગવડો અને વૈભવમાં ઉછેર પામનારા અસંખ્ય વિદ્યાર્થીઓ સીએની પરીક્ષામાં સામેલ થયા હતા પરંતુ સફળ થઈ શક્યા નથી જ્યારે કૃષ્ણાની સફળતાએ તમામ માટે પ્રેરક ઉદાહરણ સાબિત થઈ છે.

કૃષ્ણા પોતાની સફળતા માટે ગાંધીનગરના નેક્સ્ટ કોમર્સ એજ્યુકેશન જ્યાંથી તેણે સીએ માટે અભ્યાસ કર્યો છે તેના બ્રિજેશ ઠાકરના માર્ગદર્શનને મહત્વનું પરિબળ માને છે. તેને સીએની ફી માટે જે.એમ. બારોટનો આર્થિક સહયોગ પ્રાપ્ત થયો છે જે માટે પણ તે કૃતજ્ઞતા અનુભવે છે. પરીક્ષાની તૈયારીઓ માટે જણાવતા તેણે કહ્યું હતુ કે સીએમાં કુલ ૮ વિષય

● અનુસંધાન પાન-૭ પર





જૈસે થે - ગાંધીનગર શહેરને સ્માર્ટ સિટી બનાવવાના મનોરથ ધરાવતું તંત્ર ગંદકી અને દબાણ હટાવવા અભિયાનો આરંભે છે... થોડાક દિવસ કામગીરી પણ જોરશોરથી થાય છે... પરંતુ દબાણ અને ગંદકી હતા એમ જ ગોઠવાય જાય છે... તસવીરમાં દર્શાવ્યા મુજબ શ્રમિક પરિવારો વૈકલ્પિક વ્યવસ્થાના અભાવે ફૂટપાથ પર દબાણ કરીને ગોઠવાયા છે... દબાણો દૂર કરવાનો એકમાત્ર ઉપાય વૈકલ્પિક વ્યવસ્થા... જ્યાં સુધી શ્રમિકોને - ઝુંપડાવાસીઓને રહેવાની વૈકલ્પિક વ્યવસ્થાનું અસરકારક આયોજન અને અમલ નહિ થાય ત્યાં સુધી પરિસ્થિતિ આમ જ રહેવાની... તંત્ર દબાણ હટાવશે અને બીજા-ત્રીજા દિવસે જૈસે થે ની સ્થિતિ સર્જાશે... ટુંકા ગાળાના બદલે લાંબાગાળાનું આયોજન જરૂરી છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# આજથી શરૂ થતા ગ્રામસભા અભિયાનનો કોંગ્રેસ વિરોધ કરશે

**ગ્રામસભા બોલાવવાનો અધિકાર સરપંચને છે તેના પર સરકાર તરાપ મારી રહી હોવાથી વિરોધ કરીશું : બળદેવજી ઠાકોર**

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર જિલ્લામાં આજથી શરૂ થઈ રહેલ ગ્રામસભા અભિયાનનો કોંગ્રેસ દ્વારા વિરોધ કરવામાં આવશે. પંચાયતોની ચૂંટણી બાદ પંચાયતી રાજ સંસ્થાનમાં સરકાર સામે પ્રથમ વિરોધનું બ્યુગુલ ફુકાતાં તંત્ર ગંભીર વિમાસણમાં પડી ગયેલ છે.

કલોલના ધારાસભ્યશ્રી બળદેવજી ઠાકોરે આજે જણાવ્યું હતું કે ગ્રામસભા બોલાવવાનો અધિકાર પંચાયતના સરપંચનો છે અને સરકાર તેનું આયોજન કેવી રીતે કરી શકે. સરપંચોની સત્તા ઝુંટવી લેવાનો પ્રયાસ સરકારે કર્યો હોવાથી અમે આ અભિયાનનો વિરોધ કરવાના છીએ.

તેમણે એમ પણ જણાવ્યું હતું કે આ વાત મેં જિલ્લાની ફરિયાદ-સંકલન સમિતિની બેઠકમાં પણ કરી હતી અને અધિકારીઓને આમ ન કરવા અપીલ કરી હતી. શ્રી બળદેવજી ઠાકોરે કહ્યું હતું કે પંચાયતી

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ૫૫૨૭૨ વિદ્યાર્થીઓ ધોરણ-૧૦-૧૨ની પરિક્ષા આપશે

**આગામી તા ૮ માર્ચથી ધો-૧૦ અને ૧૨ની બોર્ડ પરિક્ષાનો પ્રારંભ : શિક્ષણ બોર્ડ દ્વારા તૈયારી શરૂ વિદ્યાર્થીઓ અભ્યાસમાં ગળાડુબ**

ગાંધીનગર તા ૧૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા ૮ માર્ચથી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરિક્ષા યોજવામાં આવશે. જેમાં જિલ્લામાંથી કુલ ૫૫૨૭૨ વિદ્યાર્થીઓ પરિક્ષા આપશે. ધોરણ-૧૦માં ૨૯,૮૦૦ અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૧૧૮૦૦ પરિક્ષાર્થીઓ હાજરી આપશે.

ધોરણ -૧૦ અને ૧૨ ની બોર્ડ પરિક્ષાને હવે બે મહીનાથી પણ ઓછો સમય આડો રહયો છે. ત્યારે વિદ્યાર્થીઓ બોર્ડની કસોટી સરળતાથી પાર કરવાની તૈયારીમાં લાગી ગયા છે. વિદ્યાર્થીઓ પરિક્ષાલક્ષી તૈયારીમાં ગળાડુબ બન્યા છે. સમગ્ર વર્ષ દરમિયાનની મહેનતના નિચોડ સમાન બોર્ડ કસોટીના દિવસો નજીકમાં આવતા વિદ્યાર્થીઓને વાલીઓમાં પણ ઉત્સુકતા જોવા મળી રહી છે. ત્યારે શિક્ષણ બોર્ડ દ્વારા પણ પરિક્ષાલક્ષી જરૂરી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આગામી બોર્ડ પરિક્ષામાં ગાંધીનગર જિલ્લામાંથી કુલ ૫૫૨૭૨ વિદ્યાર્થીઓ પરિક્ષા આપશે. જેમાં ધોરણ -૧૦ માં જિલ્લામાંથી ૨૯,૮૦૦ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર ૨ અને ૪માં ૧૧૮૦૦ વિદ્યાર્થીઓ પરિક્ષામાં હાજરી આપશે. જયારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૩૬૭૨ જેટલા વિદ્યાર્થીઓ પરિક્ષા આપશે. ધોરણ-૧૦ અને ૧૨ ની મહત્વપુર્ણ પરિક્ષાને અનુલક્ષી નગરની શાળાઓમાં પણ વિદ્યાર્થીઓના ઉજ્જવળ પરિણામ માટે વધારાના વર્ગો શરૂ કરી પરિક્ષાલક્ષી તૈયારી તરફ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યુ છે. ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનારી આ કસોટી માટે જિલ્લામાંથી કુલ ૫૫૨૭૨ વિદ્યાર્થીઓની નોંધણી કરવામાં આવી છે.

# ચ-૩ સર્કલ પાસે માર્ગ વચાળે પાણીની લાઈનમાં લીકેજ સમસ્યા નિવારવા બે દિવસ કામ ચાલશે

**ફુટપાથ નીચેના લીકેજીસને નિવારવા માટે ગત મોડી રાત સુધી કામ ચાલ્યુ : શિયાળામાં પાણીનો ફોર્સ વધતા લીકેજીસની સમસ્યા વધી**

ગાંધીનગર તા ૧૯

શહેરના ચ-૩ વિસ્તારમાં પાણીના લીકેજની સમસ્યા ડામવા માટે તંત્રની ટીમે ગત મોડી રાત સુધી ઓપરેશન હાથ ધર્યુ હતુ. આખરે લીકેજીસની સમસ્યાનુ નિરાકરણ આવતા રાહતનો શ્વાસ લીધો હતો. જયારે ચ-૩ સર્કલ પાસે માર્ગ વચાળે હજુ પાણી લીકેજની અન્ય એક સમસ્યા યથાવત છે. આ લીકેજને નિવારવામાં બે દિવસનો સમય લાગે તેમ છે. માર્ગ વચાળે ઉદભવેલા લીકેજનુ સપ્તાહના અંતમાં સમારકામ કરવામાં આવશે. શિયાળાની ઋતુમાં પાણીનો વપરાશ ઘટવાની સાથે વધારે ફોર્સના લીધે લાઈનમાં લીકેજીસ થવાની ફરિયાદો ઉઠવા પામે છે.

● અનુસંધાન પાન-૭ પર

## પ્રાર્થનાજલિ



**સ્વ. જે. પી. મહેતા**

સ્વર્ગવાસ તા. ૨૦-૧-૨૦૧૧

સ્વજન ગુમાવ્યાની વ્યથા શબ્દમાં સમાતી નથી,
હરહંમેશ હેતની લાગણી સ્હેજે વિસરાતી નથી.
આપના સ્નેહની સુગંધ સર્વત્ર પ્રસરતી રહેશે,
વસ્યા છો દૂર છતાં કૃપા આપની વરસતી રહેશે.
આપના દિવ્ય આત્માને કોટી કોટી વંદન...

લિ.
ગં.સ્વ. પદ્માબેન મહેતા
રાજુલ - સ્નેહા - શ્રેયા - પ્રહરકુમાર - હિતા
નિપુલ - ક્રિષ્ના - નીલ - જયમીન
સુકેતુ - જીજ્ઞા - નિધી

# શહેરમાં એક જ દિવસમાં પારો ૬ ડિગ્રી ગગડતા પુનઃ ઠંડીનો ચમકારો



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા.૧૯

સમગ્ર ઉત્તર ભારતમાં છવાયેલી શીત લહેરની સીધી અસર તળે શહેરમાં એક જ દિવસમાં તાપમાનનો પારો છ ડિગ્ર જેટલો ઘટતાં ઠંડીનો ચમકારો પુનઃ અનુભવાયો હતો.

ગઈ કાલે ધુમ્મસ ભર્યા વાતાવરણની અસર તળે તાપમાન ઉંચકાયું હતું. જયારે આજે ઉત્તર ભારતમાં છવાયેલી શીત લહેરને પગલે તાપમાન એકાએક જ ઘટવા માંડયું હતું. ગઈ કાલે લઘુત્તમ તાપમાન ૧૪.૭ ડિ.સે. નોંધાયા બાદ પારો છ ડિગ્રી જેટલો ગગડતા લઘુત્તમ તાપમાન ૮.૬ ડિ.સે. નોંધાયું હતું. વહેલી સવારે ઠંડા પવનોના કારણે તાપમાન એકાએક જ ગગડયું હતું. સવારે ઠંડા પવનોની ગતિ વધુ રહેતા શાળાએ જતાં બાળકો ઠંડીમાં ઠુંઠવાયા હતા. દસ વાગ્યા પછી પવનની ગતિ ઘટતા વાતાવરણ હુંફાળુ

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા પંચાયતની સમિતિઓની રચનાનો મામલો અસંતુષ્ટો અક્કડ રહેતાં ગુંચવાયો

**૨૨મીએ સામાન્ય સભા પૂર્વે પક્ષના સભ્યોની બેઠકમાં જ નામો નક્કી કરવામાં આવશે**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓની રચના અંગે કોંગ્રેસમાં પુનઃ ખેંચતાણ ઉભી થવા પામી છે અને નિરીક્ષકો દ્વારા સમિતિઓની રચના અંગે ૨૨મીએ બેઠક પૂર્વે જ સભ્યોની એક ખાસ બેઠક બોલાવવામાં આવી છે.

મળતી વિગતો મુજબ આજે જિલ્લા પંચાયતોના પ્રમુખ-ઉપપ્રમુખ તેમજ સંગઠ્ઠનના કેટલાક આગેવાનોની એક બેઠક પ્રદેશ સમિતિ ખાતે યોજવામાં આવી હતી જેમાં દરેક સભ્યોની લાગણીઓને ધ્યાનમાં રાખી સમિતિઓની રચનામાં આગળ વધવા માટે સલાહ આપવામાં આવી છે.

જિલ્લા પંચાયતની સામાન્ય સભાને આડે હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે સમિતિઓમાં સ્થાન મેળવવા માટે સભ્યો દ્વારા લોબિંગ કરવાની કાર્યવાહી વેગીલી બની છે.

જિલ્લાના આગેવાનો દ્વારા આ અંગેની કવાયત પણ હાથ ધરવામાં આવી છે. બીજી તરફ કોંગીના જ અસંતુષ્ટ જૂથના સભ્યો દ્વારા મક્કમ વલણ અપનાવવામાં આવતાં હવે

● અનુસંધાન પાન-૭ પર

# શુભ લાભ આવાસ યોજનાના બાકી રહેતા લાભાર્થીઓને ટુંકમાં જ કબજો સોપી દેવાશે

**આવાસ યોજનાનુ મોટાભાગનુ કામ પુર્ણ : કલરકામ ચાલી રહ્યું છે**

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા રાયસણ, ચિલોડા અને અડાલજમાં તૈયાર કરાયેલી લાભ શુભની આવાસ યોજનાના મકાનો કબજો ટુંક સમયમાં લાભાર્થીઓને સોંપી દેવામાં આવશે. આવાસોને કલરકામ તેમજ જરૂરી ટચિંગનુ કામ ચાલી રહયુ છે. ત્યારે આગામી એકાદ મહીનામાં આવાસોનો કબજો સોંપી દેવામાં આવશે.

ગુડા દ્વારા ઓછી આવક ધરાવતા પરિવારજનો માટે રાયસણ, ચિલોડા તેમજ અડાલજમાં શુભ લાભ આવાસ યોજના તૈયાર કરવામાં આવી છે. જયારે આ યોજના અન્વયે પ્રથમ તબક્કામાં અમુક લાભાર્થીઓને આવાસોનો કબજો સોંપવામાં આવ્યો હતો.જયારે અન્ય બ્લોકનુ કામ પુર્ણ થયા બાદ બાકીના લાભાર્થીઓને પણ મકાનો સોંપી દેવાનુ નક્કી કરવામાં આવ્યુ હતુ. જયારે શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આ આવાસ યોજનાની ઝડપી કામગીરી થાય તે માટે પણ પ્રયાસ કરવામાં આવી રહયા છે. ત્યારે બાકી રહેતા લાભાર્થીઓમાં પણ આવાસનો કબજો મેળવવા ઉત્સુકતા પ્રવર્તી છે. ગુડા દ્વારા કુડાસણ ખાતે પણ નવી આવાસ યોજનાનુ કામ હાથ ધરવામાં આવનાર છે ગુડાની એલ આઈ જીની સાથે એમ આઈ જી આવાસ યોજના હેઠળ મકાન મેળવવા માટે અરજદરોનો ઉત્સાહ પણ બેવડાયો હોવાનુ ધ્યાને આવ્યુ છે. ગુડા દ્વારા કરોડોની કીંમતી જગ્યાનો ઉપયોગ આવાસ યોજનાના નિર્માણ માટે કરવામાં આવનાર હોવાથી નાગરિકોમાં પણ આવાસ યોજના આર્શીવાદરૂપ બની હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. આગામી દિવસોમાં બાકી રહેતા શુભ લાભ આવાસ યોજનાના લાભાર્થીઓને પણ મકાન સોંપી દેવામાં આવશે. હાલ આ આવાસ યોજનાને આખરી કરવા માટે કલર કામ તેમજ ટચિંગનુ કામ ચાલી રહયુ છે.

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com